કામ નંબર : ૧૭.૬

મોજે : ભીમરાડ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (ભીમરાડ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૩૭૬.૬

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : ભીમરાડ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (ભીમરાડ) : સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજૂર થઈ આવેલ હદ નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશના નકશા તથા સર્વે થયેલ ઓ.પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોને આપવામા આવી અને ઉકત વિગતોએ તથા મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના તારીખ ૧૨/૦૪/૨૦૦૪ ના પરિપત્રની અને અત્રેથી અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીની માહિતીની ચર્ચા કરવામાં આવી. વધુમાં નગર રચના યોજના વિસ્તારની હાલની સ્થળસ્થિતિ મુજબ ખુલ્લો ખેતરાઉ વિસ્તાર હોઈ, તથા લાગુમાં જ એસ.એમ.સી./સત્તામંડળ દ્વારા પ્રારંભિક નગર રચના યોજનાઓ બનેલ છે, અને જેને સરકારશ્રીની મંજુરી મળેલ છે. તે સઘળી વિગતોની પણ ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજયના મુખ્ય નગર નિયોજકશ્રી પાસે હદોના પરામર્શ મેળવ્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે, તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજૂ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : ભીમરાડ વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (ભીમરાડ) : સુડા : સુરત (હદો સામેલ પરિશિષ્ટ મુજબની રહે છે.) બનાવવાનાં ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના પ્રર્વતમાન પરિપત્રોની વિગતોએ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક / કબ્જેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

(અમલ : ટેકનીકલ શાખા)